# મહેલનો શણગાર

– નારણભાઈ એચ. મકવાણા

પુરાતન સમયમાં એક રાજા રાજ કરતો હતો. આ રાજા ખૂબ જ મનમોજીલો અને ભારે શોખીન. તેનો મુખ્ય શોખ હતો, નવા નવા અદ્‌ભત મહેલોને બાંધવા અને બંધાયેલા મહેલોની સુંદરતા વધારવી તથા મહેલોનો ખૂબ શણગાર કરવો. જ્યારે મહેલોનું આ કામ પૂરું થાય પછી દેશ–વિદેશના રાજાઓ–મહારાજાઓને મહેલો જોવા બોલાવતો. આ આમંત્રિત રાજાઓ મહેલોની ભરપેટ પ્રશંસા કરતા અને આ વખાણથી રાજા ખૂબ ખુશ થતો. આ આનંદ લેવા તે પ્રજાના લખલૂટ પૈસાનો દુરુપયોગ કરતો.

આ રાજાના રાજ્યમાં ઘણા મંત્રી–પ્રધાનો હતા તેમાં એક શાણો મંત્રી હતો. તે રાજાના આ નકામા શોખ અને ખોટા વખાણથી ખૂબજ દુઃખી થતો અને મનોમન વિચારતો કે રાજા શા માટે આમ નકામા ખર્ચા કરી આનંદ લેતા હશે ! તેને આ શોખ જરાય પસંદ ન હતો. તેણે ઘણીવાર રાજાને સમજાવ્યા પણ રાજા તો માને જ નહિ. મંત્રીજીની તમામ સલાહ–સમજાવટ નકામી જતી.

એક દિવસ આ મંત્રીજી નગરમાં ફરવા નીકળ્યા. ફરતાં–ફરતાં નગરના ચોકમાં પહોંચ્યા. ત્યાં તેમણે જોયું તો લોકો ક્યાંય જઈ રહ્યા હતા અને અંદરો–અંદર ચર્ચા કરતા હતા. મંત્રીશ્રીએ લોકોના જવાનું કારણ જાણ્યું તો જાણવા મળ્યું કે આપણા નગરમાં એક સંત મહાત્મા પધાર્યા છે અને લોકોનાં દુઃખ દૂર કરે છે.

મંત્રીજી તો આ સંતને મળ્યા અને પ્રજા કલ્યાણ અર્થે મદદ કરવા જણાવ્યું. તેણે રાજાના શોખ અને નાણાંનો નકામો બગાડ ન કરવા રાજાને સાચું જ્ઞાન આપી, યોગ્ય રાહ બતાવવા સંતને વિનંતી કરી.

મંત્રીજીની વાત સાંભળી સંન્યાસી તો બીજા જ દિવસે રાજાને મળવા રાજમહેલે પહોંચી ગયા. રાજાએ સંન્યાસી સંતનું સ્વાગત કર્યું અને ખૂબ ખુશ થયા. તરત જ રથ તૈયાર કરાવ્યો પછી સીધા જ તેના અદ્‌ભુત મહેલો બતાવવા ચાલી નીકળ્યા.

રાજા તો સંન્યાસીને તેના અતિ સુંદર એક પછી એક મહેલો બતાવવા લાગ્યા અને મહેલોની કલા કારીગીરીનાં વખાણ પણ ખૂબ કરવા લાગ્યા. સાથે આવેલા સંન્યાસી રાજાની બધી જ વાતો મૂંગા મોઢે સાંભળતા આવે, પણ પ્રશંસાનો એક શબ્દ પણ ઉચ્ચારે નહિ.



રાજાને સંતના આ વર્તનથી દુ:ખ લાગ્યું તેથી રાજાએ સંતને પૂછ્યું : મહારાજને મારા આ મહેલો ના ગમ્યા ? ના ગમવાનું કારણ જણાવશો, તો હું વધુ સારું કરી શકું. સંત તરત જ બોલ્યા : તમારા આ બધા જ મહેલો ખરેખર સુંદર છે અને લાંબા સમય સુધી નષ્ટ પણ નહિ થાય, પણ આ મહેલોમાં રહેનાર શું લાંબો સમય જીવતા રહેવાના છે ? રાજા, મહેલને બદલે વ્યક્તિએ તેનું જીવન શણગારવું જોઈએ અને જીવનનો શણગાર વ્યક્તિના સદ્‌ગુણો અને લોક ઉપયોગી કાર્યો થકી થાય છે. જે વ્યક્તિના મૃત્યુ પછી પણ તેને જીવંત રાખે છે.

આમ કહી સંત ત્યાંથી ચાલતા થયા, પણ રાજાને આખી વાત સમજાઈ ગઈ. તેને પોતાની ભૂલ પણ સમજાઈ ગઈ કે આ રાજ્યના રાજા તરીકે મારે શો રાજધર્મ નિભાવવો જોઈએ.

■